દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૧૨ જુલાઈ, ૨૦૨૬

રામ મંદિરમાં ચોરી કરવાને બદલે બહાર બેસીને ભીખ માંગતે તો પણ લાખો રૂપિયા મળતે

જે રામ મંદિરના નિર્માણ માટે હિન્દુઓની પેઢીઓની પેઢીએ લડત ચલાવી અનેક નવલોહિયાઓ તેના માટે લોહીની ચાદરમાં લપેટાઇ ગયા તે રામમંદિરમાં ચોરી થાય તે સમગ્ર દુનિયાના હિન્દુઓ માટે આઘાતજનક ઘટના છે. અયોધ્યામાં શ્રીરામ મંદિરમાં દર્શન કરવા 2022 થી અત્યાર સુધી સાડા ચાર વર્ષમાં 61.53 કરોડ લોકો પહોંચ્યા. સૂત્રો અનુસાર, દર્શન કરવા જનાર સામાન્ય વ્યક્તિ પણ ઓછામાં ઓછા 10 રૂપિયા શ્રદ્ધા ભાવથી જરૂર ચઢાવે છે. આ હિસાબે 600 કરોડ રૂપિયા માત્ર દાન પેટીઓમાં લોકોએ દાન કર્યા. આમાં મહિલાઓ દ્વારા દાન કરાયેલા સોના-ચાંદીના ઘરેણાંની વાત કરવામાં આવી રહી નથી. 2024માં ચંપત રાયે જ્યારે ચઢાવાનું વિવરણ આપ્યુ હતું ત્યારે તેમણે 13 ક્વિન્ટલ ચાંદી અને 20 કિલો સોનાનો ઉલ્લેખ કર્યો હતો. 2025માં લગભગ 30 કરોડ લોકોએ દર્શન કર્યા. આ હિસાબે 2025માં લગભગ 300 કરોડનો ચઢાવો આવવો જોઈએ. જ્યારે 1 એપ્રિલ, 2025 થી 28 ફેબ્રુઆરી, 2026 નો જે રેકોર્ડ ટ્રસ્ટે 21 માર્ચની બેઠકમાં રજૂ કર્યો હતો, તેમાં માત્ર 54 કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યા હતા. હવે જો 2026 ની વાત કરીએ, તો જાન્યુઆરીથી 15 જૂન સુધી લગભગ 7 કરોડ લોકો દર્શન કરી ચૂક્યા છે. ત્યારે એક અંદાજ અને ચડાવાની રકમ બંનેની સરખામણી થવી જોઇએ. રામમંદિરમાં લોકોને આસ્થા હોવાથી આટલો ચડાવો આવી રહ્યો છે. રામમંદિરના આ ચોરો મંદિરની બહાર બેસીને ભીખ માંગતે તો પણ લાખો રૂપિયા મળી શકે તેમ હતું છતાં તેમણે મંદિરના દાન પર હાથ માર્યો છે જે ભૂલ માફ કરી શકાય તેમ નથી.

અયોધ્યા રામ મંદિરમાંથી દાન ચોરીના મામલે પોલીસે ત્રણ આરોપીઓ-લવ-કુશ મિશ્રા, અનુકલ્પ મિશ્રા અને કરુણેશ પાંડેને 40 કલાકના રિમાન્ડ પર કસ્ટડીમાં લીધા છે. પૂછપરછ દરમિયાન, પોલીસે આરોપીઓ પાસેથી 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર'ની એક ખોટી અને જૂની રસીદ બુક જપ્ત કરી છે. આ રસીદ અસલ રસીદ જેવી જ દેખાય છે અને તેના પર 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર'નો લોગો પણ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ ખોટી રસીદો આપીને દાતાઓ પાસેથી પૈસા પડાવતા હતા. શરૂઆતમાં, જ્યારે પણ કોઈ વ્યક્તિ મંદિરમાં દાન કરવાની ઈચ્છા વ્યક્ત કરતી, ત્યારે તિન્નુ યાદવ, લવકુશ, કરુણેશ અને અનુલ્પ સહિતના આરોપીઓ કોઈને શંકા ન જાય તે માટે આવી નકલી રસીદો આપતા હતા. જોકે, ઓનલાઈન રસીદ જારી કરવાની નવી પદ્ધતિ અમલમાં આવતાં તેમણે આવી નકલી રસીદોનો ઉપયોગ કરવાનું બંધ કરી દીધું હતું.

ભારતના અન્ય મંદિરોની આવકની વાત કરીએ તો તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ્ વિશ્વનું સૌથી અમીર મંદિર ટ્રસ્ટ છે. તિરુપતિ મંદિરે 1161 કરોડ રૂપિયાની કરાવી ફિક્સ ડિપોઝિટ તિરુપતિ મંદિરનું બેન્ક બેલેન્સ વધી રૂ.18817 કરોડ થયું છે. તિરુપતિ મંદિર પાસે 11 ટન સોનાનો ભંડાર છે. દર વર્ષે મંદિરમાં 500 કરોડથી વધુની રકમ થાય છે જમા છે. 2012 સુધી મંદિરની એફડી 4820 કરોડ હતી. બેંકોમાં ટ્રસ્ટની કુલ એફડી વધીને 13,287 કરોડ પર પહોંચી છે. ટ્રસ્ટને દર વર્ષે વ્યાજ સ્વરૂપે 1600 કરોડ મળે છે. બેંકમાં મંદિરનું 11,329 કિલો સોનું જમા છે.તે વિશ્વનું સૌથી ધનિક મંદિર

માનવામાં આવે છે. આ મંદિરની કુલ સંપત્તિ 3 લાખ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, જે વિપ્રો, નેસ્લે, ઓએનજીસી, ઈન્ડિયન ઓઈલ જેવી કંપનીઓની કુલ કિંમત કરતાં વધુ છે. મંદિરની વાર્ષિક કમાણી 1,400 કરોડ રૂપિયા છે. કેરળના તિરુવનંતપુરમ સ્થિત પદ્મનાભ સ્વામી મંદિરની કુલ સંપત્તિ 1.20 લાખ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. તાજેતરમાં, આ મંદિરમાં એક નવો ખજાનો મળ્યો છે, જેમાં સોના, ચાંદી અને હીરા અને ઝવેરાતનો વિશાળ ભંડાર છે. જ્યારે કેરળના જ ગુરુવાયુર દેવસમ, ગુરુવાયુરમાં ભગવાન કૃષ્ણને સમર્પિત આ મંદિરમાં અપાર સંપત્તિ છે. 2022માં એક RTIના જવાબમાં કહેવામાં આવ્યું હતું કે આ મંદિરમાં 1,737.04 કરોડ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ છે. આ ઉપરાંત મંદિર પાસે 271.05 એકર જમીન પણ છે. શીખોના સૌથી મોટા ધાર્મિક કેન્દ્ર સુવર્ણ મંદિર વિશે કહેવામાં આવે છે કે આ મંદિર વાર્ષિક 500 કરોડ રૂપિયાની કમાણી કરે છે. મંદિરના નિર્માણમાં લગભગ 400 કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પંજાબના અમૃતસર સ્થિત આ મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે પણ ઓળખાઇ છે. સોમનાથ મંદિર, ગુજરાતની વાત કરીએ તો આ મંદિર આઝાદી પછી ફરીથી બનાવવામાં આવ્યું છે. તેને બનાવવામાં અંદરના ભાગમાં 130 કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને થાંભલાઓ અને દરવાજામાં 150 કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિર પાસે કરોડોની કિંમતની 1700 એકર જમીન છે.જમ્મુ કાશ્મીરનું વૈષ્ણો દેવી મંદિર હિંદુઓ માટેના મુખ્ય તીર્થસ્થાનોમાંનું એક છે. દેવીની પૂજા માટે સમર્પિત આ મંદિરને છેલ્લા બે દાયકામાં 1800 કિલો સોનું, 4700 કિલો ચાંદી અને 2 હજાર કરોડ રૂપિયા રોકડનું દાન મળ્યું છે. ઓડિશામાં જગન્નાથપુરી મંદિરની ગણના દેશના સૌથી ધનિક મંદિરોમાં પણ થાય છે. તેની કુલ સંપત્તિ 150 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. રથયાત્રા માટે પ્રખ્યાત આ મંદિર પાસે 30 હજાર એકરથી વધુ જમીન છે. મહારાષ્ટ્રના શિરડી સાંઈ બાબા મંદિરની ગણના પણ દેશના સૌથી ધનિક મંદિરોમાં થાય છે. આ મંદિરમાં સાંઈ બાબાની મૂર્તિ માટે 94 કિલો સોનાનું સિંહાસન બનાવવામાં આવ્યું છે. માત્ર 2022માં જ ભક્તોએ મંદિરમાં 400 કરોડ રૂપિયાથી વધુનું દાન કર્યું હતું. સિદ્ધિવિનાયક મંદિર, મુંબઈ મહારાષ્ટ્રના આ ગણપતિ મંદિરની કુલ સંપત્તિ 125 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ મંદિર રોજની 30 લાખ રૂપિયાની કમાણી કરે છે. વારાણસીમાં આવેલું કાશી વિશ્વનાથ મંદિર દેશના સૌથી પ્રખ્યાત ધાર્મિક સ્થળોમાંનું એક છે. દર વર્ષે 30 લાખથી વધુ સ્થાનિક અને 2 લાખ વિદેશી પ્રવાસીઓ આ મંદિરની મુલાકાત લે છે. આ મંદિરને વાર્ષિક 4 થી 5 કરોડ રૂપિયાની પ્રસાદી મળે છે, જે તેને દેશના સૌથી ધનાઢ્ય મંદિરોમાંનું એક બનાવે છે. મંદિરના 3 ગુંબજમાંથી 2 સોનાથી મઢેલા છે.

છોડો અને ચિંતામુક્ત બનો

જંગલમાં સિંહણે હરણનો શિકાર કર્યો અને આખા પરિવારે ભોજન કર્યું પછી પેટ ભરાઈ જતાં બાકી વધેલું ભોજન ત્યાં જ છોડી સિંહનો પરિવાર ચાલ્યો ગયો.એક શિયાળ ક્યારનું દૂરથી આ દૃશ્ય જોઈ રહ્યું હતું અને મનમાં જ વિચારી રહ્યું હતું કે નક્કી આ સિંહ પરિવાર કંઇક તો છોડી જશે અને મને આજે વગર મહેનતે ભરપેટ ભોજન મળશે.

સિંહનો પરિવાર જેવો દૂર ગયો એવું શિયાળ દોડીને ત્યાં પહોંચી ગયું અને મરીને પડેલા હરણનું માંસ ખાવા લાગ્યું. તેનું પેટ ભરાઈ ગયું પછી પણ હજી મોટો માંસનો ટુકડો વધ્યો હતો.ચતુર શિયાળે વિચાર્યું, આ માંસના ટુકડાને જોડે લઇ લઉં. આગળ જતાં ભૂખ લાગશે ત્યારે ખાઇશ.

શિયાળ મોઢામાં હરણના મોટા માંસના ટુકડાને લઈને ચાલવા લાગ્યું.થોડે દૂર જતાં જંગલી કૂતરાઓના ઝુંડની નજર આ શિયાળ અને તેના મોઢામાં રહેલા માંસના ટુકડા પર પડી અને આખું ઝુંડ શિયાળની પાછળ પડી ગયું.જંગલી કૂતરાઓના ઝુંડથી બચવા શિયાળ ભાગવા લાગ્યું.કૂતરાઓ ભસતાં ભસતાં તેની પાછળ દોડી રહ્યા હતા એટલે બીજા કૂતરાઓ પણ તેમાં જોડાયા.શિયાળ મોઢામાં પકડેલા માંસના ટુકડાને બચાવવા ઝડપથી દોડી રહ્યું હતું પણ ભરેલું પેટ અને મોઢામાં વજનને કારણે તે વધુ ઝડપથી દોડી શકતું ન હતું.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

હવે એમ બન્યું કે શિયાળમાં દોડવાની તાકાત રહી ન હતી અને જો અટકે તો પાછળ પડેલા જંગલી કૂતરાઓ હવે માત્ર માંસના ટુકડાને નહિ પણ તેને પણ ખાઈ જાય. હવે જાન બચાવવાનો પ્રશ્ન હતો. શિયાળે પૂરી તાકાતથી દોડ લગાવી અને મોઢામાં પકડેલા માંસના ટુકડાને જમીન પર છોડી પોતે એક બાજુ વળી જઈને મોટા ઝાડની પાછળ છુપાઈ ગયું.

માંસનો ટુકડો જમીન પર પડેલો જોઇને બધા કૂતરાઓ તેની પર ઝપટયા અને આપસમાં લડવા લાગ્યા અને શિયાળનો જીવ બચી ગયો કારણ તેને સમય પર નિર્ણય લઈને, લાલચ છોડીને માંસનો ટુકડો છોડી દીધો. જો એમ ન કર્યું હોત તો? શિયાળ જંગલી કૂતરાઓનો શિકાર થઈ ગયું હોત...

આ એક વાર્તા શીખ આપે છે કે જો આપણે માણસો મન અને મગજમાં કોઈ વાત કોઈ ચિંતા પકડી રાખીએ છીએ તો જીવવું અઘરું થઈ જાય છે પણ જો તે વાતને છોડી દઈએ ,કોઈ જીદ કે મમતને મૂકી દઈએ તો તે જ ક્ષણથી આપણે ભાર અને ચિંતાથી મુક્ત થઈ જઈએ છીએ.

આપણાં સુખ અને દુ:ખની જવાબદારી આપણી ઉપર જ છે.જે વાતો આપણને દર્દ આપે છે, જેણે આપણી જિંદગીને અસ્તવ્યસ્ત કરી નાખી છે તેને છોડી દેવું જ જરૂરી છે.દુ:ખ અને પીડા આપતી વાતો અને વિચારોને છોડી દેશો તે પળે જ બધી ચિંતાથી મુક્ત થઈ સુખી થઈ જશો.

શું ઈરાન ફરી હોર્મુઝની સામુદ્રધુનીને બ્લોક કરશે? મધ્ય પૂર્વમાં વધતો તણાવ અને વૈશ્વિક અર્થતંત્ર પર તેની અસર

વર્તમાન સમયમાં જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેના સૈન્ય સંઘર્ષો ફરી એકવાર ગંભીર વળાંક પર છે, ત્યારે સમગ્ર વિશ્વની નજર મધ્ય પૂર્વના એક અત્યંત મહત્વના અને સંવેદનશીલ વિસ્તાર પર ટકેલી છેઃ હોર્મુઝની સામુદ્રધુની.

હોર્મુઝની સામુદ્રધુની એ માત્ર પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાતને જોડતો સાંકડો દરિયાઈ માર્ગ નથી, પરંતુ તે વૈશ્વિક ઉર્જા સુરક્ષાની કરોડરજ્જુ છે. ભારત, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશો માટે અહીંથી નિર્વિઘ્ન વ્યાપાર અત્યંત અનિવાર્ય છે. તેથી જ જ્યારે પણ અહીં તણાવ વધે છે, ત્યારે શેરબજાર, વીમા કંપનીઓ અને શિપિંગ કંપનીઓમાં ચિંતાનું મોજું ફરી વળે છે.

ઈરાનના આજના આક્રમક વલણને સમજવા માટે તેના ભૂતકાળના સંઘર્ષોને સમજવા પણ જરૂરી છે. જૂન ૧૯૮૯માં જ્યારે ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા રુહોલ્લાહ ખોમેનીનું અવસાન થયું, ત્યારે તેમની અંતિમવિધિમાં લાખો લોકોની ભારે ભીડ ઉમટી હતી. તે સમયે સમગ્ર ઈરાન એક રાષ્ટ્ર તરીકે અત્યંત ભાવુક અને સંકલ્પબદ્ધ જોવા મળ્યું હતું. તે ઘટનાએ સાબિત કર્યું હતું કે ઈરાન પોતાની વિચારધારા અને સાર્વભૌમત્વ માટે ગમે તે હદ સુધી જઈ શકે છે. ખોમેનીના મૃત્યુ પછી સત્તાનું હસ્તાંતરણ ભલે થયું હોય, પરંતુ તેમની ક્રાંતિકારી વિચારધારા આજે પણ ઈરાનની વિદેશનીતિ અને સૈન્ય વ્યૂહરચનાનો પાયો છે. તે અંતિમવિધિ સમયે દેખાયેલો જનઆક્રોશ અને રાષ્ટ્રવાદ આજે પણ ઈરાનના શાસકોને તેમના વૈશ્વિક દુશ્મનો સામે 'ઝૂકવું નહીં'

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

જોકે, ભારતે હવે અન્ય સ્ત્રોતોમાંથી તેલ આયાત કરીને અને વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર બનાવીને પોતાની સુરક્ષા મજબૂત કરી રહ્યું છે

તેવો સંદેશ આપવા પ્રેરિત કરે છે, જે હોર્મુઝ જેવા વ્યૂહાત્મક મુદ્દાઓ પર ઈરાનના અક્કડ વલણમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

ઘણા લોકોને લાગે છે કે ઈરાન આ માર્ગને બ્લોક કરવા માટે અમેરિકા સાથે નૌકાદળનું સીધું યુદ્ધ કરશે, પરંતુ વાસ્તવિકતા અલગ છે. ઈરાને દાયકાઓથી 'અસિમેટ્રિક મેરીટાઈમ વોરફેર' પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેનો હેતુ અમેરિકાના વિશાળ નૌકાદળને હરાવવાનો નહીં, પરંતુ આ વિસ્તારમાં સૈન્ય કામગીરીને એટલી ખર્ચાળ, જોખમી અને અનિશ્ચિત બનાવવાનો છે કે જેથી દુશ્મનને પીછેહઠ કરવી પડે. આ માટે ઈરાન પાસે એન્ટી-શિપ મિસાઈલ્સ, ફાસ્ટ એટેક બોટ્સ, નૌકાદળની માઈન્સ અને ડ્રોન જેવા હથિયારો છે.

તેલના પુરવઠામાં નાનો અવરોધ પણ વૈશ્વિક અર્થતંત્રમાં ધરતીકંપ લાવી શકે છે.

મોંઘવારીઃ જો તેલના ભાવ વધે, તો પરિવહન ખર્ચ વધે, મેન્યુફેક્ચરિંગ મોંઘું થાય અને છેવટે ફૂડ પ્રાઈસ અને મોંઘવારી વધે.

ભારત માટે સ્થિતિઃ ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો માટે મોટાભાગે ગલ્ફ દેશો પર નિર્ભર છે. હોર્મુઝમાં તણાવ એટલે ભારતીય રૂપિયા પર દબાણ અને મોંઘું પેટ્રોલ-ડીઝલ. જોકે, ભારતે હવે અન્ય સ્ત્રોતોમાંથી તેલ આયાત કરીને અને વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર બનાવીને પોતાની સુરક્ષા મજબૂત કરી રહ્યું છે.

ઈઝરાયેલની સુરક્ષા નીતિ હંમેશા 'પ્રી-એમ્પટિવ એક્શન' (અગાઉથી પગલાં લેવા) પર આધારિત રહી છે. જો ઈઝરાયેલને લાગશે કે ઈરાન તેમના માટે અસ્તિત્વનું સંકટ ઊભું કરી રહ્યું છે, તો ઈઝરાયેલ સૈન્ય કાર્યવાહી કરતા અચકાશે નહીં.

આગામી સમય માટે ત્રણ મુખ્ય પરિદ્રશ્ય જોવા મળી શકે. એક, બંને પક્ષો વાતચીત દ્વારા શાંતિ જાળવવાનો પ્રયાસ કરે. બીજું, કોઈ મોટું યુદ્ધ ન થાય, પણ સાયબર એટેક, છમકલાં અને પ્રતિબંધોનો દોર સતત ચાલુ રહે, જેના કારણે અર્થતંત્રમાં લાંબા સમય સુધી અનિશ્ચિતતા રહે. ત્રીજી શક્યતા છે કે સંઘર્ષ વધે અને હોર્મુઝ સંપૂર્ણપણે બ્લોક થાય, જેનાથી વૈશ્વિક મંદી અને મોંઘવારીનું જોખમ વધી જાય.

ભૂ-રાજનીતિ હવે માત્ર સરહદો કે મિસાઈલો સુધી મર્યાદિત નથી; તે વૈશ્વિક અર્થતંત્ર સાથે ગાઢ રીતે જોડાયેલી છે. હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતું દરેક ટેન્કર માત્ર તેલ નથી લઈ જતું, પરંતુ તે વૈશ્વિક બજારોનો વિશ્વાસ પણ સાથે લઈ જાય છે. એક નાની ભૂલ કે ગેરસમજ આખા વિશ્વને આર્થિક સંકટમાં ધકેલી શકે છે. તેથી જ, આજે વિશ્વને માત્ર સૈન્ય તાકાતની નહીં, પણ રાજદ્વારી સમજદારીની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઘર જેનું ઋણી છે એ 'ગૃહિણી' વધુ પડતી મોડર્ન દેખાવાનું પસંદ કરે છે?

લેખના શીર્ષકમાં તથ્ય છે અને નથી. બધી ગૃહિણી ક્યાં મોડર્ન દેખાવાનું પસંદ કરે છે. અરે, એમની પાસે એવો સમય જ ક્યાં છે? આ તો મેટ્રો સિટીની 'મોડર્ન ગૃહિણી'ની વાત છે. અત્યંત સાદગીપૂર્ણ જીવન જીવવું. પરિવારનાં સૌ સભ્યોની કેર લેવી. સૌને ભાવતું ભોજન જમાડવું. મોટા ભાગનું ઘરકામ જાતે કરવું. મમ્મી-પપ્પા કે સાસુ-સસરાની વિશેષ કાળજી લેવી. નોકરિયાત ગૃહિણી હોય તો નોકરીએ જતાં પહેલાં તેમના ચરણસ્પર્શ કરી, 'જયશ્રી કૃષ્ણ' કહીને નીકળવું. આવા ક્રિયાકાંડ કરતી ગૃહિણી સતી સાવિત્રીનું બિરુદ પામે છે. જો કે આવી ઘરરખ્ખુ ગૃહિણી હવે આઉટ ઓફ ડેટ બની ગઈ છે.

બદલાવું, પરિવર્તન પામવું એ તો પ્રકૃતિનો નિયમ છે. સમાજ બદલાય, સામાજિક મૂલ્યો બદલાય, તો ગૃહિણી કેમ ન બદલાય? 'સતી સાવિત્રી' અને 'સની લિયોન' નારીના બે અંતિમ ધ્રુવો છે. ધ્રુવોના મધ્ય ભાગે બાકીની નારીઓ લોલક બની જીવી ખાય છે.

ભારતીય પરંપરા અને શાસ્ત્રોએ ગૃહિણીનો ઘણો મહિમા કર્યો છે. ગૃહિણીને 'ગૃહલક્ષ્મી' કહીને પોંખી છે. નારી તું નારાયણી કહીને નવાજી છે. નારીની અનેક ગૌરવગાથાઓ પ્રચલિત છે. આજે આ ગૌરવગાથાઓ નેપથ્યમાં સરી પડી છે.

'ગાડાયુગ'માં સંયુક્ત પરિવાર હતો. સૌ એકમેક સાથે સંપીને પરંપરાગત પારિવારિક જીવન જીવતાં હતાં અને તેમાં ગૌરવ અનુભવતાં હતાં. આજે જેટયુગમાં જીવનધોરણ, જીવનમૂલ્યો બદલાયાં છે. સંયુક્ત પરિવાર સરપ્રાઈઝ લાગે છે. જો કે કાઠિયાવાડનાં ઘણાં ગામડાંઓમાં આ પરંપરા આશ્વાસન પૂરતી ટકી રહી છે એનો સ્વીકાર છે.

અત્યંત શિક્ષિત, મોડર્ન અને પ્રોગ્રેસિવ પરિવારમાં જન્મેલી, ઉછરેલી, સિંગલ ચાઈલ્ડ પુત્રીઓ એવા યુવકને પરણવાનું પસંદ કરે છે જે પરિવારથી અલગ રહેતો હોય અથવા જેનો પરિવાર નાનો, સીમિત હોય. મોડર્ન માતા-પિતા પણ પુત્રીને એવા જ પરિવારમાં પરણાવવાનું પસંદ કરે છે જ્યાં એના માથા પર ઘરકામની જવાબદારી બિલકુલ ન હોય. આપણા સમાજમાં એવા ઘણા કિસ્સા નોંધાયા છે જ્યાં પરણ્યા પછી તરત જ પરિવારથી અલગ થઈ એકલા જીવવાનું પસંદ કર્યું હોય.

આ માટે મોડર્ન દીકરીની મોડર્ન મમ્મી નિમિત્ત બનતી હોય છે. લગ્ન સંબંધની પહેલી જ મુલાકાતમાં યુવતીએ યુવકને પૂછ્યું : તારે ઘેર ડસ્ટબીન છે. યુવક કશું સમજ્યો નહિ ત્યારે યુવતીએ ફોડ પાડયો, તારા વૃધ્ધ માતા-પિતા જીવિત છે. આ ઉપજાવી કાઢેલો ડાયલોગ નથી. મોડર્ન ગૃહિણીની મોડર્ન દીકરીનો ડાયલોગ છે. આમ જોવા જઈએ તો સ્ત્રીને માથે પરિવારની જવાબદારી તો આવવાની જ છે. પછી ભલે પરિવાર નાનો હોય કે મોટો. હા, તેની માત્રામાં વધ-ઘટ હોઈ શકે. માનવજીવન જ જવાબદારીઓથી ભરેલું છે. જવાબદારીનું પોટલું મને-કમને ઉપાડવું જ પડે છે.

આપણા ભારતીય સમાજની 'મોમ' તેના દીકરા દીકરીની વધુ પડતી કેર લેતી જોવા મળે છે. નાનપણથી જ તેમના માથે જવાબદારી નાંખી, તેમને વ્યવહારુ આવડત શીખવવામાં ઘણી પાછળ પડે છે. પરિણામે દીકરાને ઘરકામમાં કે સામાજિક વ્યવહારો સાચવવામાં કશી ગતાગમ પડતી નથી. દીકરીને રસોઇ બનાવતાં નથી આવડતી એવું કહેવામાં ગૌરવ અનુભવતી આધુનિક ગૃહિણીઓની સંખ્યા વધતી જાય છે. લગ્ન બાદ આ નર-નારી (ગૃહપ્રધાન- ગૃહિણીપ્રધાન) ઘર માંડીને સાથે રહેવાનું શરૂ કરે છે ત્યારે દીકરો પત્ની પાસેથી મમ્મી જેવી અપેક્ષાઓ રાખે છે. સામે છેડે અત્યંત લાડ કોડમાં ઉછરેલી દીકરી કશું શીખી નથી. એને સતત એવું લાગ્યા કરે છે કે પોતે આર્થિક પ્રદાન કરે છે તેથી પતિએ પણ ઘરકામમાં એટલી જ મદદ કરવી જોઇએ. આખરે પરિવારમાં વિખવાદનાં વમળો ઊઠવાનું શરૂ થાય છે.

વિરોધાભાસ ક્યાં છે? મોટા ભાગની સાસુઓને એવો જમાઇ પસંદ છે જે આખેઆખો દીકરીનો હોય અને પડ્યો બોલ ઉઠાવતો હોય

અત્યંત શિક્ષિત, મોડર્ન અને પ્રોગ્રેસિવ પરિવારમાં જન્મેલી, ઉછરેલી, સિંગલ ચાઈલ્ડ પુત્રીઓ એવા યુવકને પરણવાનું પસંદ કરે છે જે પરિવારથી અલગ રહેતો હોય અથવા જેનો પરિવાર નાનો, સીમિત હોય

અને એવા જમાઇનાં વખાણ કરવામાં કે તેને પોંખવામાં સાસુ કોઇ કસર છોડતી નથી. પરંતુ એનો દીકરો જો તેની પત્નીનો આખેઆખો થઇ જાય તો મોડર્ન મોમને 'વહુઘેલો' લાગે છે. આ વિરોધાભાસ અંતે લગ્નસંબંધોના પાયાને હલાવી મૂકે છે.

સાંપ્રત ભારતીય સમાજમાં મહદ્ અંશે એવું જોવા મળે છે કે લગ્ન બાદ જમાઇને તેના સાસુજી એવી રીતે સાચવી લે છે કે કેટલાક કિસ્સામાં જમાઇને તેના મમ્મી કરતાં સાસુજી ચઢિયાતાં દેખાવા લાગે છે. વારે ઘડીએ જમાઇરાજ સાસરામાં પહોંચી જાય અને સાસુ-સાળા-સાળીને પોંખતો હોય, તો તે ઉત્તમ, શ્રેષ્ઠ જ લાગે એમાં નવાઇ પામવા જેવું નથી. અહીં બધા જ જમાઇરાજ આ કેટેગરીમાં આવે છે એવું પણ નથી. અપવાદ હોય છે.

લગ્ન બાદ પતિ-પત્ની પોતપોતાનાં મા-બાપ સાથેના સંબંધોને બેલેન્સ નથી કરતાં ત્યારે દીકરો 'વહુઘેલો' કે 'સાસુઘેલો' લાગવા માંડે છે. આ પારિવારિક વાસ્તવિકતા છે. બીજી તરફ મોટે ભાગે વહુને 'સાસુજી' કરતાં 'સસરાજી' વધુ વ્હાલા લાગે છે. વધુ ગમે પણ છે. સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ અને અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણનો વૈજ્ઞાનિક સિધ્ધાંત અહીં આબાદ સાચો ઠરે છે.

પોતાની જાતને પ્રોગ્રેસિવ કહેવડાવવામાં, મોડર્ન દેખાડવામાં અને પોતે ઇનોવેટીવ છે એવું પુરવાર કરવામાં ઘણી ભારતીય ગૃહિણીઓ સ્વયં સુખને માણી શકતી નથી.

મોડર્ન ગૃહિણીના જીવનવ્યવહાર, જીવનમૂલ્યોની સીધી અસર તેના દીકરા-દીકરી પર પડે છે અને તેઓ પણ તેની મોડર્ન મમ્મીને અનુસરે છે. આ સિલસિલો દિનપ્રતિદિન સંક્રમિત થતો જાય છે. સાદગી, સરળતા, સહજતા અને જેવા છે તેવા દેખાવાની વૃત્તિ ઘટતી જાય છે. તેની સામે ભપકાદાર દેખાવ, ઠસ્સો, ડ્રેસિંગ, આછા-આછા દાઢી-મૂછ, આધુનિક હેર સ્ટાઇલ, દંભી દેખાડાની વૃત્તિ વધતી જાય છે. લગ્નસંબંધોના માર્કેટમાં આવા જ યુવક -યુવતીની ડીમાન્ડ છે.

એક ખૂબ જ દેખાવડી મોડર્ન દીકરીને લગ્નસંબંધ માટે એક મુરતિયાનો મોબાઇલમાં ફોટો બતાવ્યો. દીકરી બોલી : ''છી, આ તો દેશી છે!'' આ પણ ઉપજાવી કાઢેલો ડાયલોગ નથી. મોડર્ન ગૃહિણીની મોડર્ન દીકરીનો પ્રત્યાઘાત છે. અત્યંત મોડર્ન દેખાવામાં યુવક-યુવતીઓ તેમની પ્રાકૃતિક - આંતરિક સહજતા અને સરળતા ખોઇ બેઠાં છે એવુ નથી લાગતું?

-વિનોદ પટેલ

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

વાણીની મધુરતા

વાણી વ્યક્તિના સ્વભાવનું અને વ્યક્તિત્વનું દર્પણ છે. માનવી સ્વયંની વાણીથી સ્વયંનો પરિચય વ્યક્ત કરે છે. 'હમારા વાણી વ્યવહાર હી હમારા પરિચય હૈ.' સંત કબીરજીએ પણ વાણી સંદર્ભે કહ્યું છે કે વાણીથી સ્વયં તો શીતળતા પ્રાપ્ત કરીએ અને સાંભળનાર અન્ય વ્યક્તિને પણ શીતળતાનો અહેસાસ કરાવીએ. શાસ્ત્રોમાં પણ સત્યં વદ અને પ્રિયં વદ ની સલાહ આપવામાં આવી છે. વાણીને વાંસળી બનાવીએ જેથી સંબંધોમાં સુમધુર સંગીત રેલાય. વાણીને બાણ ન બનાવીએ જેના દ્વારા મહાભારત ઉપસ્થિત થાય! દ્રૌપદીની રમૂજમાં બોલાયેલા શબ્દોએ મહાભારતનું સર્જન કર્યું હતું! કહેવાય છે વાણી લઈ જાય તાણી. માનવીનાં વાણી-વર્તન-વ્યવહાર જ અન્યના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરે છે અથવા તો ગેરવર્તન દ્વારા સ્વજનોથી માનવીને દૂર કરે છે.પરિવાર હોય કે વ્યવસાય-સ્થાન આપણાથી નાની કે મોટી વ્યક્તિ સાથે સુમેળભર્યો અને શાંતિપૂર્વકનો વ્યવહાર-વર્તન આપણા વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરે છે. ખુશામત કે ખોટા વખાણની વાત બિલકુલ નથી. પણ સારા કાર્યની દિલથી પ્રશંસા થવી જ જોઈએ.

સુરત - નેહા શાહ

સીનીયર સીટીઝન છે : આ રહી સુખની માસ્તર કી

જીવન અનિશ્ચિત છે ત્યારે પોતાના માટે થોડોક સમય કાઢીએ. આપણા વગર અટકી પડવાનું નથી. ફેરિયાઓ, નાના શાકભાજી, ફળ, ફૂલની લારીવાળા સાથે ભાવતાલ કરવાનું નહીંવત્ રાખીએ. ભંગાર વીણવા આવતાં, પસ્તીવાળા ને પેપર ભાવતાલ વગર જ આપી દઈએ. ઘરના વડીલોની એકની એક વાત સાંભળી લઈએ. લોકો સારું કામ કરે તો પ્રશંસીએ. જડ માન્યતાઓ પૂર્વગ્રહો છોડીએ. નકારાત્મક વાતો કરવાવાળાથી બહુધા દૂર રહીએ, હાઈ, હલો કરી આગળનો રસ્તો કાપીએ. મનગમતી પ્રવૃત્તિ કરીએ. લોકો શું કહેશે ને બધાને જ ખુશ રાખવાનું બંધ કરીએ. જંક ફુડ ખાવા કરતાં બાજરાનો રોટલો, શાક, છાશથી સંતોષ પામીએ. નકામા રૂપિયા ખર્ચવા કરતાં કોઈ પાડોશી કે જરૂરિયાતમંદને મદદરૂપ થઈ નિજાનંદ માણીએ. માતાપિતા, વડીલો, બિમારને મદદરૂપ થઈએ. આપણી વ્યક્તિગત તકલીફ દુ:ખ બધાને કહેતાં ફરવાનું બંધ કરીએ, આપણા દુ:ખ માટે આપણે જ જવાબદાર છીએ એ મનમાં પાકું કરી લઈએ. જીવન પળેપળ મૂલ્યવાન છે, દેવોને દુર્લભ મનુષ્યજીવન મળ્યું છે તો સાર્થક કરીએ. માનવસેવા, જીવદયા, પ્રકૃતિની સેવા કરીએ. આ દુનિયા ખરાબ છે, બધા જ ભ્રષ્ટ, જુઠ્ઠા, લબાડ છે એ નકારાત્મક વિચારધારા ત્યજીએ. ભવિષ્ય શુભ, મધુર, આનંદમય, આરોગ્યમય આવી રહ્યું છે એવું પોઝીટીવ ચિંતન કરીએ. મારા મૃત્યુ પછી પાછળ બીજાનું શું થશે એ વિચાર છોડીએ, થોડા દિવસ પરિવાર કે સ્વજનો યાદ કરશે પછી કુદરતી રીતે ભૂલી જશે. ઉપરોક્ત વિચારો રોજિંદા જીવનમાં અમલ કરી ધન્ય બનીએ. વર્તમાનમાં જીવી આનંદ માણીએ.

**સુરત - ભગુભાઈ